કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- 1503

તા. 01/03/2018

પ્રતિ

વ્યવસ્થાપકશ્રી,

શિવાની ઇલેકટ્રીકલ્સ,

૨૧, નવનાથ સોસા.ઉધના-મગદલ્લા રોડ, સુરત

મોબાઇલ નં. ૯૮૨૫૬૫૧૦૧૫

વિષય : ઇલેકટ્રિક રીપેરિંગ અને સર્વિસ બાબત.

સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ૮૧૨૨ તા. ૦૭/૦૨/૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં અને કચેરી ખાતે ઇલેકટ્રિક રીપેરિંગ અને સર્વિસની કામગીરી કરવામાં આવે છે. સંદર્ભિત પત્ર અન્વયે તમો દ્વારા તા. ૦૯/૦૨/૧૭ ના રોજ શાસનાધીકારીશ્રી ની રૂબરૂ મુલાકાત કરેલ જે મુજબ ચર્ચા થયા મુજબ હવે પછી થી શાળા કક્ષાએ ઇલેકટ્રિક રીપેરિંગ અને સર્વિસ ની કામગીરી માટે દરરોજ સાંજે કચેરી ખાતેથી કામગીરી માટે પત્ર મેળવી લેવાનો રહેશે.તેમજ રૂ. ૫૦૦૦/- કરતા વધુ ખર્ચ થાય એમ હોય તેવી શાળાનું એસ્ટીમેન્ટ શાળાને આપવાનું રહેશે અને શાળા મારફત કચેરી ખાતે થી મંજુરી મેળ્વયા બાદ જ એ શાળાની કામગીરી કરવાની રહેશે. નીચે મુજબની શાળાઓની અરજી કચેરીને મળેલ છે જે કામગીરી કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | શાળા નં. | શાળાની અરજી ની તારીખ | અરજીનો પ્રકાર | મળેલ રજુઆતની વિગત |
|---|---|---|---|---|
| 1 | ૪૧ | ૨૧-૦૨-૨૦૧૮ | લેખિત | ઇલેક્ટ્રીકલ વાયરીંગ ઘણું જુનુ છે. ઇલેકટ્રીક બોર્ડને પણ રીપેરીંગ કરવાની જરૂરીયાત છે. ઇલ્કેટ્રીક પોઇન્ટ પુરતા ના હોવાથી વારંવાર મુશ્કેલી ઉભી થાય છે. |
| 2 | ૩૧૯ | ૨૩-૦૨-૨૦૧૮ | લેખિત | શાળામાં નવા બાંધેલ શેડ (પ્રાર્થના હોલ ) માં વાયરીંગ કરી ટ્યુબલાઇટ અને પંખા લગાવવાના છે. જુનુ જર્જરિત વાયરીંગ જેમાં અવારનવાર શોર્ટ સર્કિટ થાય છે. |
| 3 | ૨૪૩ | ૨૩-૦૨-૨૦૧૮ | લેખિત | વધારાની LED ટ્યુબલાઈટ આખો સેટ નંગ- ૨૫ , વર્ગખંડ અને લોબીમાં બોર્ડ ફીટીંગ. ઉપરના બે માળનું મેઇન કનેકશન અલગ કરી અને લોબીમાં એક નવું મેઇન સ્વીચ બોર્ડ નંખાવવાનુ છે. |
| 4 | ૨૪૫ | ૨૩-૦૨-૨૦૧૮ | લેખિત | ઓફીસમાં ત્રણ પ્લગવાળુ બોર્ડ ફીટીંગ વાયરીંગ સાથે, લોબી અને વર્ગ ખંડમાં વાયરીંગ ખુલ્લુ છે જે પટ્ટીમાં ફીટીંગ કરવાનું છે,આર.ઓ. પ્લાન્ટની જગ્યા બદલવાની છે. હોલમાં મેઇન બોર્ડ રીપેરીંગ કરી નવું બનાવી આપવુ. |
| 5 | ૨૦ | ૨૩-૦૨-૨૦૧૮ | લેખિત | ગ્રાઉન્ડ ફ્લોર પર ટોયલેટમાં વાયરીંગ ફીટીંગ, લોબીમાં ટ્યુબલાઇટ રીપેરીંગ. પહેલા માળે નવા સ્વીચ બોર્ડ નંગ -૨ , પંખા રેગ્યુલેટર નંગ- ૪ , સ્વીચ નવી નંગ - ૧૦. બીજા માળે ટ્યુબલાઈટ રીપેરીંગ, સ્વીચ બોર્ડ નંગ- ૧, પંખો બંધ છે, કેપેસીટર નંગ- ૧. ત્રીજા માળ પર દાદર પરનું સ્વીચ બોર્ડ રીપેરીંગ (નવુ સ્વીચ બોર્ડ નંગ- ૧) |
| 6 | ૮ | ૨૬-૦૨-૨૦૧૮ | લેખિત | સ્પીકર ફીટીંગ નંગ ૧૯ મેઇન લાઇન ફીટીંગ ૫૦૦ મીટર શાળા દ્વારા રજુ થયેલ એસ્ટીમેન્ટ મુજબ રૂ. ૧૪,૧૩૫/- (GST વગર ) રજુ કરેલ છે. |
| 7 | ૨૩૮ | ૨૬-૦૨-૨૦૧૮ | લેખિત | સ્પીકર ફીટીંગ નંગ ૪૨ |
| 8 | ૨૩૫ | ૨૬-૦૨-૨૦૧૮ | લેખિત | સ્વીચ- ૧૨, પ્લગ- ૮, MCB - 4, પંખા રીવાઇંડીંગ -૪, પંખા કેપેસીટર- ૮ ટ્યુબલાઈટ - ૭, હોલ્ડર ટ્યુબલાઈટ -3, હોલ્ડર પંખાના - ૩ , બોર્ડ ૧ ( બે પ્લગ બે સ્વીચ), બોર્ડ- ૧ ( એક સ્વીચ), બોર્ડ -૧ ( ચાર પ્લગ ચાર સ્વીચ), બોર્ડ- ૧ ( બે પ્લગ બે સ્વીચ), ૩૦ મીટર કવરવાળા વાયર સાથે બોર્ડ ચાર સ્વીચ અને ચાર પ્લગ, ઓફીસમં બેલ માટે વાયરીં તેમજ બેલની સ્વીચ. |

| | | | | |
|---|---|---|---|---|
| 9 | ૨૩૯ | ૨૬-૦૨-૨૦૧૮ | લેખિત | GEB દ્વારા ચાલતી કામગીરીને લીધે DP માં ધડાકો થયો હોવાથી મેઇન સ્વીચમાં ધડાકો થયો હતો અને દરેક ફ્યુઝ ઉડી ગયા હતા. બોર્ડમાં શોર્ટ સર્કીટ પણ થયેલ હતી ત્યારથી નાની-મોટી સમસ્યા ઉભી થાય છે તો જુનૂ વાયરીંગ બદલી નવુ વાયરીગ અને અર્થિંગ કરાવવાની રજુઆત કરવામાં આવેલ છે. |
| 10 | ૩૬ | ૨૬-૦૨-૨૦૧૮ | કમ્પલેઇન નંબર ૫૨ | સ્વીચ બોર્ડ રિપેરીંગ કરવાના છે, ટ્યુબલાઇટના પોઈન્ટ લગાવવાના છે, પંખાના પોઇન્ટ લગાવવાના છે. |
| 11 | ૧૭૮ | ૨૭-૦૨-૨૦૧૮ | કમ્પલેઇન નંબર ૫૨ | વાયરીંગ છૂટા પડેલ છે. |
| 12 | ૧૬૫ | ૨૭-૦૨-૨૦૧૮ | કમ્પલેઇન નંબર ૫૨ | બે રૂમના પ્લગ,વાયરીંગ , લાઇટ અને પંખા ફીટીંગ કરવાના છે. નવા સ્વીચ બોર્ડ ફીટીંગ કરવાના છે. |
| 13 | ૮૧ | ૨૭-૦૨-૨૦૧૮ | કમ્પલેઇન નંબર ૫૨ | પાણીની મોટર ખરાબ થઇ ગયેલ છે. |
| 14 | ૧૮૯ | ૨૭-૦૨-૨૦૧૮ | કમ્પલેઇન નંબર ૫૨ | પંખા રીપેરીંગ - ૪, બે પ્લગ તૂટી ગયેલ છે, કોમ્પ્યુટર લેબમાં લાઇટ ઝટકા મારે છે, સ્પાર્કિંગ પ્રોબલેમ છે, સ્પીકર ફીટીગ કરવાના છે. |
| 15 | ૨૪૯ | ૨૭-૦૨-૨૦૧૮ | કમ્પલેઇન નંબર ૫૨ | બે પાણીની મોટર બગડેલ છે. |
| 16 | ૧૮ | ૨૭-૦૨-૨૦૧૮ | લેખિત | ત્રીજા માળે લાઇટ ફીટીગ , વાયરીંગ અને પંખા ટ્યુબાલાઇટનું નાનુ મોટુ કામ કરવાની જરૂરીયાત છે. |
| 17 | ૨૩૫ /૨૩૬ | ૨૭-૦૨-૨૦૧૮ | લેખિત | પંખા બંધ છે. |

ઉપરોકત કામ પૈકી કોન્ટ્રાકટ માં આવતુ કામ જ કરવા જણાવવામાં આવે છે જે કામ કોન્ટ્રાકટ માં આવતુ ના હોય તે બાબતે શાળાને લેખિતમાં આપવુ કે આ કામ કોન્ટ્રાકટ માં થઇ શકે તેમ નથી.

ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ :
- નિરીક્ષકશ્રી,તમામ .નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત

નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ :
- આચાર્યશ્રી પ્રા. શાળા (લગત) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત